# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ

## મુખ્ય નિયમો

૧. ઓછામાં ઓછું ધોરણ – ૫ પાસ હશે તેવા જૈન સમાજના બાળકોને તદ્દન ફ્રી માફી (તદ્દન ફ્રી) થી પ્રવેશ આપવામા આવશે.

૨. દાખલ થયેલા વિદ્યાર્થી પહેલા ત્રણ માસ ટ્રાયલ તરીકે ગણાશે. તે દરમ્યાન શારીરિક સ્થિતિ બરાબર નહી જણાય, કોઈ પણ જાતના ચેપી રોગ અગર અસાધ્ય રોગ માલુમ પડશે અથવા ગેરવર્તણૂંક, શિસ્તભંગ, અસભ્યતા, ઉધ્ધતાઈ કે અભ્યાસમાં બેદરકાર જણાશે તો તેને ગૃહમાંથી રજા આપવામાં આવશે.

૩. ટયુશન વર્ગો સંસ્થામાં ચાલે છે. ટયુશન માટે વિદ્યાર્થીને બહાર જવા દેવામાં આવશે નહી.

૪. છમાસિક પરીક્ષામાં નાપાસ થનારા વિદ્યાર્થીને વિષય દીઠ ફી સંસ્થા નક્કી કરે તે આપવાની રહેશે.

૫. વિદ્યાર્થીએ રોકડ રકમ પોતાની પાસે રાખવી નહી પરંતુ સંસ્થામાં જમા કરાવવી તેમજ કોઈ વિદ્યાર્થીને ઉછીની રકમ આપવી નહી તેમજ લેવી નહી ગામમાં કોઈ જગ્યાએથી ઉધાર ખરીદી કરવી નહી, તેમજ આરોગ્યને નુકશાન કરે તેવી કોઈ ચીજ બજારમાંથી ખરીદી ખાવી નહી.

૬. વિદ્યાર્થી અભ્યાસમાં બેદરકાર રહેશે, શાળામાં વખતસર જતો નહી હોય, પીરીયડો છોડતો હશે, સિનેમાં – ટી.વી. જોવા જતો હશે કે ગામમાં વગર રજાએ જતો હશે તો સંસ્થામાંથી ગમે ત્યારે છુટો કરવામાં આવશે..

૭. વિદ્યાર્થીના સંસ્થામાં નિવાસકાળ દરમ્યાન કોઈપણ કારણોસર પડવા, આખડવા કોઈપણ પ્રકારના આકસ્મિક કે અન્ય રીતે શારીરિક જે કંઈ પરિસ્થિતિ પ્રશ્નો ઉદ્‌ભવે તેને માટે સંસ્થા કે સંસ્થાના સંચાલકો કોઈપણ પ્રકારે જવાબદાર ગણાશે નહી વિદ્યાર્થી કોઈપણ કારણો કે પ્રસંગોએ પોતાને ઘરે અને ઘરેથી સંસ્થામાં કોઈપણ વાહન દ્વારા આવ–જા કરે એટલે કે મુસાફરી દરમ્યાન શારીરિક સંદર્ભે ઉપસ્થિત થનાર અકસ્માત કે અન્ય કોઈપણ પ્રકારના પ્રશ્ન માટે સંસ્થાની કોઈપણ પ્રકારની જવાબદારી ગણાશે નહી ટૂંકમાં વાલીએ પોતાની અંગત જવાબદારી સ્વીકારીને વિદ્યાર્થીનો પ્રવેશ સ્વીકારેલો ગણાશે.

૮. સંસ્થાના માલ–મિલકતને નુકશાન કરનાર વિદ્યાર્થીને સંસ્થા નક્કી કરે તે રકમ ભરપાઈ કરવાની રહેશે.

૯. વિદ્યાર્થીના વર્તન બાબતમાં વાલીને બોલાવવામાં આવે તો વાલીએ સંસ્થાના સંચાલકો, ગૃહપતિ પાસે રૂબરૂ આવી જવાનું રહેશે.

૧૦. સંસ્થામાં દાખલ થયેલ વિદ્યાર્થી અધવચ્ચેથી સંસ્થા છોડી શકશે નહી, એમ છતાં જશે તો સંસ્થા નકી કરે તે રકમ ભરવાની રહેશે.

૧૧. આકસ્મિક કારણ સિવાય શાળાનું સત્ર શરૂ થાય તેના આગલા દિવસે વિદ્યાર્થીએ સંસ્થામાં પ્રવેશ મેળવી લેવો ફરજીયાત છે. વિના કારણ નિયત તારીખે હાજર ન થનાર વિદ્યાર્થીએ સંસ્થા નક્કી કરે તે રકમ ભરવાની રહેશે.

૧૨. અસાધારણ પરિસ્થિતી અને અસાધારણ બિમારી સિવાય વિદ્યાર્થીને ઘરે જવાની રજા આપવામાં આવશે નહી,

૧૩. વિદ્યાર્થીના વાલી, સગા, સંબંધી કે મિત્ર માત્ર મહિનાના પહેલા અથવા ત્રીજા રવિવારે મળવા આવી શકશે. અન્ય દિવસોમાં મળવા આવી શકશે નહીં.

૧૪. રવિવાર સિવાય અન્ય દિવસોમાં વિદ્યાર્થીને કોઈપણ વ્યક્તિ કે સગા – સંબંધી સાથે ચિજવસ્તુ કે નાણા મોકલવાના કારણો સબબ આવી શકે નહી.

૧૫. વિદ્યાર્થી જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના વર્ગના કે અન્ય કોઈ મિત્રને સંસ્થામાં બોલાવી શકશે નહીં.

૧૬. વિદ્યાર્થીના સગા સંબંધી કે અગાઉ આ સંસ્થામાં અભ્યાસ કરી ચુકેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીને ગૃહપતીની પૂર્વ મંજુરી સિવાય પોતાના નિવાસી ઓરડામાં પ્રવેશ આપી શકશે નહીં.

૧૭. વિદ્યાર્થી પોતાના મિત્ર કે અન્ય કોઈની ચિજ– વસ્તુઓનો ઉપયોગ કરી શકશે નહીં.

૧૮. શાળા દ્વારા યોજવામાં આવતા પ્રવાસ –પર્યટન કે અન્ય પ્રસંગોએ વિદ્યાર્થીને બહાર ગામ જવાનું થાય ત્યારે વિદ્યાર્થીના વાલીની ગૃહપતિને વિદ્યાર્થીને શાળાદ્વારા યોજવામાં આવેલ કાર્યમાં સામેલ થવાની લેખિત બાંહેધરી આપવાની રહેશે. આ બાબતે કોઈપણ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થાય તો સંસ્થા તેને માટે જવાબદાર નથી.

૧૯. નાપાસ થયેલ વિદ્યાર્થી પ્રવેશને પાત્ર નથી.

ઉપરોક્ત નિયમો અમે વાંચ્યા છે જે અમોને બંધનકર્તા છે.

સ્થળ : ............................................ વિદ્યાર્થીની સહી : ..................................................

તારીખ : ............................................ પિતા–વાલીની સહી : ..............................................

---

નોંધ : ૧) અધુરી વિગતો વાળી અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.

૨) ફોર્મ તારીખ ........................ સુધીમાં સાવરકુંડલા મોકલી આપવું. તે તારીખ સુધીમાં પરીક્ષાનું પરિણામ બહાર ન પડ્યું હોય તો પણ અરજી સમયસર કરવી અને માર્કશીટની ઝેરોક્ષ નકલ પરિણામ જાહેર થયે મોકલી આપવી.

Scanned by CamScanner